# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૫/

તા.૦૬/૧૦/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

વિષયઃ- વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ની અનુસૂચિત જાતિની ધોરણ-૯માં અભ્યાસ કન્યાઓને સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી તાત્કાલિક પુર્ણ કરવા બાબત.

સંદર્ભઃ- નાયબ નિયામક, અનુસૂચિત જાતિની કચેરી, નાનપુરાનો પત્ર ક્રમાંક નંબર.ના.નિ.અજાક/પો.મેટ્રીક/૨૦૨૫-૨૬/૨૮૫૯ તા.૧૦/૦૯/૨૦૨૫ પત્ર અન્વયે.

આ સાથે સામેલ નાયબ શિક્ષણ નિયામકની કચેરી, નાનપુરાના પત્ર ક્રમાંક નંબરઃના. નિ.અજાક/પો.મેટ્રીક/૨૦૨૫-૨૬/૨૮૫૯ તા.૧૦/૧૦/૨૦૨૫ પત્ર અન્વયે આચાર્ય કક્ષાએ ધોરણ-૯માં અભ્યાસ કન્યાઓને સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી તાત્કાલિક પુર્ણ કરવા તમામ શાળાઓને જાણ તથા અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
વહિવટ શાખા, બી-૪, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત
ફોન નં.૦૨૬૧-૨૬૫૫૧૫૧, ૨૬૬૦૦૨૧, ફેકસ-૨૬૫૫૭૫૭
Email:- collector-sur@gujarat.gov.in
56.vahivatsurat@gmail.com

સત્યમેવ જયતે

નં.એમએસસી/વશી.૩૬૬૯/૨૦૨૫.

તા.૨૫/૦૯/૨૦૨૫

પ્રતિ,
(૧). જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
એ-બ્લોક, ત્રીજો માળ,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
(૨). જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી, સુરત.

વિષયઃ- વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ની અનુસુચિત જાતિની ધોરણ-૦૯ માં અભ્યાસ કરતી કન્યાઓને સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી તાત્કાલિક પુર્ણ કરવા બાબત.

સંદર્ભઃ- નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, સુરતના પત્ર નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૫-૨૬/૨૫૮૯, તા.૧૦/૦૯/૨૦૨૫.

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ની અનુસુચિત જાતિની ધોરણ-૦૯ માં અભ્યાસ કરતી કન્યાઓને સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી તાત્કાલિક પુર્ણ કરવા બાબતે નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, સુરતનો સંદર્ભિત પત્ર અત્રેની કચેરીને મળેલ છે. જે અન્વયે સંદર્ભિત પત્ર ધ્યાને લઈ આપશ્રીના અધિકાર પરત્વે નિયમોનુસારની કાર્યવાહી થવા વિનંતી છે.

કલેક્ટર સુરતવતી

બિડાણઃ- સંદર્ભિત પત્ર

**નકલ રવાનાઃ-** નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, સી-બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત તરફ જાણ સારૂં.

ખુબ જ અગત્યનું/તાત્કાલિક


નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧
૦૨૬૧ ૨૪૬૪૪૩૦૭ :: મેઇલ-swo-sur@gujarat.gov.in


કલેકટર કચેરી, સુરત.
રજીસ્ટ્રી શાખા
22 SEP 2025
3421045
ઈ-આવક નંબર: 2319125
શાખા: CR

નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૫-૨૬ /2859

તા.10/09/2025

પ્રતિ,

1) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

**વિષય** : વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ ની અનુસુચિત જાતિના ધોરણ -૦૯માં અભ્યાસ કરતી કન્યાઓને સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી તાત્કાલિક પુર્ણ કરવા બાબત

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે , સરકારશ્રીના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ,ગાંધીનગર કચેરી દ્રારા સરસ્વતી સાધના યોજના (સાયકલ ) અંતર્ગત ધોરણ -૦૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને નિયમનુસાર સાયકલ આપવાની યોજના અમલમાં છે. આ સાયકલનું વિતરણ નિયામક, અનુસૂચિત જાતિ કાલ્યાણની જિલ્લા કચેરીએ **સરકારી, ગ્રાન્ટ ઇન એડ, ખાનગી તમામ શાળાઓમાં અભ્યાસ કરતી** ધોરણ ૦૯ ની વિદ્યાર્થીનીઓની ઓનલાઇન દરખાસ્ત મંગાવી નિયમનુસાર મંજુર કરવામાં આવે છે. ઉપરોકત બન્ને વર્ષની લક્ષ્યાંક મુજબની સાયકલ સુરત જિલ્લાને મળી ગયેલ છે, પરંતુ સુરત જીલ્લાને વર્ષ -૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ માટે જે લક્ષ્યાંક આપેલ તેની સામે ખુબ જ ઓછા પ્રમાણમાં સાયકલની ઓનલાઇન દરખાસ્ત મળેલ છે, જે બાબતે અત્રેની કચેરી દ્રારા વારવાર પત્ર પાઠવેલ તેમજ શાળાઓને ટેલિફોનિક સૂચનાઓ આપવા હોવા છતા આજદિન સુધી ઘણી શાળાઓ તરફથી ધોરણ ૯ મા અભ્યાસ કરતી કન્યાઓની સરસ્વતી સાધના (સાયકલની ) દરખાસ્ત બનાવવામા આવતી નથી જે ખુબ જ ગંભીર બાબત કહેવાય.

વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ ની અનુસુચિત જાતિની ધોરણ -૦૯માં અભ્યાસ કરતી કન્યાઓને સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી તાત્કાલિક પુર્ણ કરવા જણાવવામાં આવે છે અને જો કોઇ શાળા તરફથી સાયકલની દરખાસ્ત બનાવવામાં નહી આવે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રી ની રહેશે. જેથી આપના તાબા હેઠળની તમામ **સરકારી, ગ્રાન્ટ ઇન એડ, ખાનગી શાળાઓને ઉક્ત બાબતે દિન-૫ માં તાત્કાલિક કામગીરી કરવા જરૂરી સુચના આપવા વિનંતી છે.**

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
સુરત

નકલ સવિનય રવાના:

1) મે. કલેકટરશ્રી,સુરત તરફ કામગીરી અર્થે સંબંધિતોને જરૂરી સૂચના આપવા સારૂ........
2) મે.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત (જિલ્લા પંચાયત) તરફ કામગીરી અર્થે સંબંધિતોને જરૂરી સૂચના આપવા સારૂ........